BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# ડાઉનટાઉન બ્રેમ્પટનમાં આવી રહ્યા છે જાહેર કલાના નવા પાયલટ પ્રોજેક્ટ્સ

બ્રેમ્પટન, ઓન્ટારિયો (27 ઑક્ટોબર 2021) – આ પાનખરમાં બ્રેમ્પટન કલાના બે જાહેર પ્રોજેક્ટ્સથી ચમકી ઉઠશે જેની આગેવાની કરશે એવોર્ડ વિજેતા કલા સંસ્થા STEPS (સસ્ટેનેબલ થિંકિંગ એન્ડ એક્સપ્રેશન ઓન પબ્લિક સ્પેસ ઇનિશિએટિવ [જાહેર સ્થળોની પહેલ પર ટકાઉ વિચારધારા અભિવ્યક્તિ]) પબ્લિક આર્ટ. આવા અનન્ય સ્મારકો કલાને વધુ સુલભ બનાવશે અને સમુદાય માણી શકે તે માટે જાહેર સ્થળોને વધુ ગતિશીલ બનાવશે.

## ટ્રાફિક કંટ્રોલ બૉક્સ રૅપ્સ

ક્વિન સ્ટ્રીટ ઈસ્ટ પર આવેલ પાંચ ટ્રાફિક કંટ્રોલ બૉક્સને બ્રેમ્પટનમાં સ્થાયી કલાકારો દ્વારા રચાયેલ કલાથી આવરિત કરાશે જેઓ આર્ટ્સ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઇન્ડસ્ટ્રી ડેવેલપમેન્ટ એજન્સીના (ACCIDA) પોસ્ટકાર્ડ પ્રોજેક્ટ – યોર આર્ટિસ્ટ સ્ટોરીમાં દેખાયા હતાં. આર્ટવર્કને ઉચ્ચ ગુણવત્તાના વિનિલ મટિરિઅલ પર છાપવામાં અને ઇન્સ્ટોલ કરવામાં આવશે જે અલ્ટ્રાવાયોલેટ (UV) અને ભીંતચિત્ર (ગ્રાફિટી) રોધક હોય. વિશેષ રૂપે પ્રદર્શિત કલાકારો હશે અદિતી કશ્યપ (Aditi Kashyap), એમિ સેંટ જોહ્ન (Amye St John), એનમેરિ ક્લૉડેટ (Annamarie Claudette), મલાચી વૉટસન-નારસિસ) (Malachi Watson-Narcisse) અને મિશેલ નૂવોએ-વિન્સન્ટ (Michel Nwoye-Vincent).

## ડાઉનટાઉન સ્ટોરફ્રન્ટ મ્યુરલ્સ

બ્રેમ્પટન સ્થિત કલાકાર, મીગન લિમ (Meegan Lim), મેન સ્ટ્રીટ નોર્થ પર આવેલ છ સ્ટોરફ્રન્ટને ફૂડના થીમવાળા મ્યુરલ્સથી કાયાપલટ કરશે. બ્રેમ્પટનની વૈવિધ્યસભર ખાદ્ય સંસ્કૃતિથી પ્રેરિત, આ ભીંતચિત્રો ડાઉનટાઉનને સુશોભિત કરતી વખતે બ્રેમ્પટનના ફૂડ ટુરિઝમ ક્ષેત્રને મજબૂત બનાવવામાં મદદ કરશે. ભીંતચિત્રો (મ્યુરલ્સ) ખાલી સ્ટોરફ્રન્ટ્સ પર સ્થિત હશે જે ખાલી જગ્યાઓને જીવંત બનાવશે.

મીગન લિમ બ્રેમ્પટન સ્થિત એક ચિત્રકાર અને ઉભરતી આર્ટ ફેસિલિટેટર છે, જેઓ તેણીના ઝીણવટભર્યા ચિત્રો માટે જાણીતા છે જે ફૂડ અને સાંસ્કૃતિક ઓળખ પર કેન્દ્રિત હોય છે અને સાથે જ તેમની કલામાં રહેલ ઊંડા સંદેશા.

પબ્લિક આર્ટ પ્રોજેક્ટ્સના ઇન્સ્ટોલેશન નવેમ્બરના પૂર્વાર્ધ સુધીમાં પૂર્ણ થશે.

આ જાહેર કલા પહેલ ઉપરાંત, ACCIDA સંસ્થા STEPS સંસ્થાનો સહયોગ કરશે જેથી બે "પબ્લિક આર્ટ 101"ની કાર્યશાળાઓ હાથ ધરી શકાય જેનાથી સ્થાનિક કલાકારોને તેમના વ્યવસાયિક જાહેર કલાની તકો વિકસાવવામાં ટેકો મળશે. ACCIDA ડાઉનટાઉન બ્રેમ્પટન BIA

અને સ્થાનિક વ્યવસાયો સાથે વ્યાપાર કાર્યશાળા, કલા ચર્ચા અને કામગીરી અને બીજી ઘણી બધી વસ્તુઓ માટે જાહેર કલા સહિત નિઃશુલ્ક સમુદાય પ્રોગ્રામિંગ માટે પણ સહયોગ સાધશે. accida.ca પર આ અને અન્ય ઈવેન્ટ્સ વિશે વધુ જાણો

STEPS એવોર્ડ વિજેતા સાંસ્કૃતિક સંસ્થા છે જે કૅનેડામાં જાહેર કલાની કાયાપલટ કરી રહ્યા છે. તેઓને Stepspublicart.org પરથી વધુ જાણકારી મેળવો

**સુવાક્યો**

“બ્રૅમ્પટન એક મોઝેક છે અને આપણા સર્જનાત્મક સમુદાયનો આભાર કે તેમના યોગદાનથી શહેર નવપલ્લવિત થતું રહે છે. આ જાહેર કલા પાયલટ પ્રોજેક્ટ્સથી આપણા ડાઉનટાઉનમાં ગતિશીલતા આવશે અને સ્થાનિક કલાકારો માટે તકો ઊભી થશે, ડાઉનટાઉનના અને તેના ખાણીપીણીના ક્ષેત્રના વિકાસમાં સહાય થશે અને સાથે જ સમાજના તમામ સભ્યો માટે કલા વધુ સુલભ બનશે."

– *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

“STEPS સાથે કાર્ય કરવામાં અમને રોમાંચ થાય છે જેથી તેમની ઊર્જા અને તજ્ઞતાનો બ્રૅમ્પટનને લાભ મળશે જે આપણા કલાના સ્થાનિક સમુદાય માટે પણ પૂરક બની રહેશે. પબ્લિક આર્ટ શહેરોમાં જીવનનો સંચાર કરતું હોય છે અને આ પાયલટ પ્રોજેક્ટથી આપણે ડાઉનટાઉનના વિસ્તારોને સુશોભિત પન કરી શકાશે અને સાથે આપણા બ્રૅમ્પટનના કલાકારોને પોતાનું હુન્નર દર્શાવવાનો મોકો પણ મળશે."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1અને 5; ઉપપ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સિટી ઑફ બ્રૅમ્પટન; કાઉન્સિલ પેનલ સભ્ય, આર્ત્સ કલ્ચર એન્ડ ક્રિએટિવ ડેવેલપમેન્ટ એજન્સી*

"બ્રૅમ્પટન મોઝેક છે અને આ સહયોગથી થનાર પ્રોજેક્ટ તે સંપૂર્ણ રીતે સમજાવે છે. આ ભીંતચિત્રોથી ડાઉનટાઉન બ્રૅમ્પટનની ચાલી રહેલ કાયાપલટ અને જાહેર સ્થળોના નવા રૂપથી સ્થાનિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં યોગદાન મળશે અને આર્થિક રિકવરી માટે સહાયક સબીત થશે અને એક ગતિશીલ સમાજનું નિર્માણ થશે."

– *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઑફ બ્રૅમ્પટન*

"આ ભાગીદારીથી એક રોમાંચક તક ઊભી થઈ છે જે ભાવિ સિટીની આગેવાની હેઠળના પબ્લિક આર્ટ પ્રોગ્રામિંગ માટે ચીલો પાડશે; જ્યાં સ્થાનિક પ્રતિભા દર્શાવી શકાશે, ગતિશીલ અને સમાવેશિત સમુદાયોને પ્રોત્સાહિત કરશે અને સિટી ઑફ બ્રૅમ્પટનને એક સંપન્ન સાંસ્કૃતિક ગંતવ્યની ઓળખ આપશે."

- *એરિન ગ્લોવર (Erin Glover), ઈન્ટેરિમ પ્રોગ્રામ ડાયરેક્ટર, STEPS પબ્લિક આર્ટ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca